
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



## મેઘારે.... મેઘારે......

જુલાઈ–૨૦૧૪ અંક – ૭ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૧૦
માસિક કિંમત – ૧૦/- વાર્ષિક લવાજમ – ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# નવમી પૂણ્યતિથિએ
# હાર્દિક શ્રધ્ધાંજલિ..



## સ્વ. કાંતિલાલ મણીલાલ પંચોલી

જન્મ : ૨૨ : ૦૩ : ૧૯૪૫     સ્વર્ગવાસ : ૦૫ : ૦૭ : ૨૦૦૫

સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહી, ધુપસળીની માફક જીવન જીવી સુગંધ ફેલાવી,
આપના અથાક પરિશ્રમે અમારા જીવન ઉજાળ્યા, જીવનભર મહેનત કરી દુઃખના દરિયા વેઠી,
સૌને સુખ સાગરમાં તરતાં મૂકી ગયા....
આપના મિલનસાર અને નિખાલસ સ્વભાવનો અમૂલ્ય વારસો અમે કદી ભુલી શકીએ તેમ નથી,
તમારો નિઃસ્વાર્થ પ્રેમ યાદ કરતા આંખો અશ્રુ સારે છે......
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
નવમી પૂણ્યતિથિએ અમારા સૌની પ્રાર્થના સહ હૃદયાંજલી....

## અર્પણકર્તા

ગં.સ્વ. શોભનાબેન કાંતિલાલ પંચોલી

શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી
શ્રીમતિ અપેક્ષા ફાગુન પંચોલી
ચિ. વિધિ ફાગુન પંચોલી
ચિ. જશ ફાગુન પંચોલી
કાંદીવલી(ઈસ્ટ) મુંબઈ

શ્રી મનિષ કાંતિલાલ પંચોલી
શ્રીમતિ કેતના મનિષ પંચોલી
ચિ. સાગર મનિષ પંચોલ
.......
અલંકાર–મુંબઈ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**જુલાઈ – ૨૦૧૪**

**પંચોલી નવયુગ**

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| **નવયુગ શુભેચ્છક** | ₹ ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| **નવયુગ શુભચિંતક** | ₹ ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | – | **૧૦/–** |
| **વાર્ષિક લવાજમ** | – | **૧૦૦/–** |

# તંત્રી નોંધ.......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પંચોલી નવયુગના બીજા માજી તંત્રી, શ્રી પંચોલી સેવા સમાજ બારડોલીના માજી પ્રમુખ, સ્વાતંત્ર્ય સેનાની શ્રી ભગવાનદાસ મકનજી પંચોલીનું તા. ૨૦.૬.૨૦૧૪ના રોજ અવસાન થયું દુઃખની લાગણી અનુભવી. પંચોલી નવયુગના બાગબાન એવા ભગવાનદાસે તંત્રીશ્રી પ્રશાંતભાઇ ગાંધી પાસે એક નાનકડા ઘરૂ સ્વરૂપે નવયુગ હાથમાં લઇ અને સુંદર છોડ બનાવ્યો હતો.. અનેક વિટંબણામાં પણ એમણે નવયુગનું જતન કરી આજે નવયુગની પ્રગતિ જોઇ શકીએ છીએ. કાર્યદક્ષતા, કામની ચીવટતા, રમુજ સ્વભાવ અને કોઇ કોઇ વાર કવિત્વનું દર્શન કરાવનાર ભગવાનદાસ આપણી વચ્ચેથી વિદાય લઇ લીધી છે.....

પંચોલી નવયુગ પ્રકાશન સમિતિના સભ્ય જતિનભાઇ દિનેશચંદ્ર પંચોલી-વ્યારાનું આકસ્મિક અવસાન થતા એક આશાસ્પદ કાર્યકર ગુમાવ્યો છે.. પ્રભુ બન્ને સદ્દગત આત્માને ચિરઃશાંતિ અર્પે અને એમના સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના.....

માણસ સ્વભાવે માંગણી પ્રિય છે માણસે ધરની પાસે માંગ્યું, આકાશ પાસે માંગ્યું, સૂર્ય પાસે માંગ્યું, ભગવાન પાસે માંગ્યું નદી સાગર પાસે માંગ્યું.. બધા પાસે માંગ્યું.. માણસને લેવામાં વૃત્તિ કામ કરે છે કારણ કે એમાં પરિશ્રમ કરવો પડતો નથી.

માણસનું આવુ મનોવલણ ‘ઇશાવાસ્યા’ ઉપનિષદનો ઋષિ જાણે છે એટલે ‘ત્યેન ત્યક્તેન ભુંજીથા’ ત્યાગીને ભોગવી જાણોનો આદર્શ માનવ સમક્ષ રજુ કર્યો. દરેક માણસ એકઠુ જ કર્યા કરે અને કોઇને ન આપે તો સામાજિક વ્યવહાર દુષિત થઇ જાય છે. લોભ અને લાલચને વશ થઇ માણસ લેવાના આનંદમાં રાચે છે. માણસનો માણસ સાથેનો તો ઠીક, પણ ભગવાન કે પોતાના આરાધ્ય દેવી-દેવતાઓ સાથે પણ લાગણી કે વિશુધ્ધ પ્રેમ અથવા ભકિતભાવ કરતાં ‘માંગણી’નો સબંધો વધુ છે. માણસની પ્રાર્થનાઓ , ધાર્મિક વિધિ વિધાનોમાં પણ ‘ફળ’ રૂપે પોતાની આવશ્યકતાઓ અને અપેક્ષાઓ સંતોષવા કાકલુદી કરતો હોય છે. દેવી -

દેવતાઓનો પણ એમનો હિસાબ ચોકખો છે. એમની શરત પણ સ્પષ્ટ છે. તમારે જે જોઈતું હોય તો પહેલા જમા કરાવો. જેટલું જમા કરાવશો તેટલું જ ઉપાડી શકશો. પણ માણસ પણ એટલો જ ગણતરીબાજ છે. એ વિચારે છે કે આપણે આગોતરું જમા કરાવીએ અને તેનું ફળ કે બદલો ન મળે તો ? એટલે મળે તેટલું લઈ લો, પછી ક્યારે આપવું તે વખત આવે જોઈ લઈશું. અર્થવવેદમાં કહ્યું છે કે 'શત હસ્ત સમાહર, સહસ્ત્ર હસ્ત સંકિર' મતલબ કે 'સેંકડો હાથો વડે એકઠું કરો અને હજારો હાથે વહેંચી દો' કારણ કે તમે જે કાંઈ મેળવ્યું એતો ધરતીનો ઉપહાર છે, એટલે કમાવાનું વાંધાજનક નથી. પણ કમાએલું વહેંચીને ખાવામાં માણસાઈ છે.

દાની ચાર પ્રકારના હોય છે. કેટલાક લોકો બોલે છે ખરા, પણ આપતા નથી, કેટલાક આપે છે પણ બોલતા નથી, કેટલાક બોલે છે પણ ખરા અને આપે છે પણ ખરા, અને કેટલાક બોલતા પણ નથી અને આપતા પણ નથી. આપવા માટે હૃદયની ઉદારતા જોઈએ, મનની મોકળાશ જોઈએ. ત્યાગની ઉદાત્તતા જોઈએ. લોભને પગલે કંજુસાઈ વધે છે માણસમાં આપવાની ભાવના વધે એ માટે ઈન્જેકશનો નથી શોધાયા. માણસમાં નૈતિકતાનો, માનવતાનો, પ્રેમ મૂલ્યનિષ્ઠાનો, સદાચારનો વિકાસ થાય તો જ માનવ ત્યાગ દ્વારા સહાનુભુતિ કેળવી શકે.

મનુષ્યનું કુદરતે સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ પ્રાણી તરીકે એટલા માટે નિર્માણ કર્યુ છે કે પ્રાણીમાત્રની તૃષા છુપાવી શકે એટલો ઉદાર અને ત્યાગી બને....

તો ચાલો આપણે પણ ઉદાર અને ત્યાગી બનીએ... મહામંડળ આયોજીત સુવર્ણજયંતિ નિમિત્તે 'સ્વર્ણિમ ફંડ'માં ઉદાર હાથે દાન આપીએ અને અપાવીએ.. જેનાથી સમાજના જરૂરીઆતમંદોને આપણે સારામાં સારી સહાય કરી શકીએ....

પંચોલી નવયુગ પણ આપણને દર માસે નિયમિત વિના મૂલ્યે મળે છે વધતી મોંઘવારી અને તેમાં પોર્સ્ટીંગ ચાર્જ પણ ભોગવવો પડે છે તો ચાલો આપણે પણ નવયુગ માટે કઈક ને કંઈક આપીએ. નવયુગમાં પણ વિવિધ યોજના છે જેમાં નવયુગ શુભેચ્છક રૂા. ૧૫,૫૫૫/-, નવયુગ શુભચિંતક રૂા. ૨,૫૨૫/-. એમાં પણ આપના સ્વજનોની સ્મૃતિમાં આપી શકો છો અને દર વર્ષે એમની સ્મૃતિઓ તમારા મનમાં અને સમગ્ર પંચોલી સમાજમાં સચવાયેલી રહેશે...

લેસ્ટર યુ.કેના ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલીએ એમની ૯૨મી વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૯,૨૦૦/- નવયુગને ભેટ આપ્યા છે... ગયે વર્ષે પણ એમની ૯૧મી વર્ષગાંઠ નિમિતે રૂા. ૯,૧૦૦ નવયુગને ભેટ મળ્યા હતાં. ખૂબ ખૂબ આભાર ઠાકોરભાઇ... પ્રભુ આપને દિર્ઘાયુ બક્ષે, આપનું શેષ જીવન આનંદદાયી નિરોગી અને નિરામયી રીતે વિતે અને 'શતમ્ જીવમ્ શરદઃ' ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું....

અંતમાં ઉપરોક્ત બાબત પર મનન અને મંથન કરી આપણે સમાજને દરેક રીતે ઉપયોગી થઇ પડીએ એવા શુભાશયથી વિવિધ યોજનામાં તને,મને અને ધને થી સહર્ષ જોડાઇએ અને જ્ઞાતિજનોને સહાયરૂપ થવાની ભાવના કેળવીએ...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી-પંચોલી નવયુગ

## અનુકરણિય



લેસ્ટર યુ.કે. નિવાસી શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી તરફથી તેમની ૯૨મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી પંચોલી નવયુગને રૂા. ૯,૨૦૦/- અંકે રૂા. નવ હજાર બસો ભેટ આપ્યા છે...

તે બદલ ખૂબ ખૂબ આભાર સહિત શુભેચ્છા પાઠવીએ છીએ કે તુમ જીઓ હજારો સાલ....તમારું શેષ જીવન નિરોગીમય અને નિરામય રહે.....પ્રભુ તમને દિઘાર્ય બક્ષે.

રૂા. ૧,૧૧૧/- ચિ. અમિતે ડ્રાઈવીંગ ટેસ્ટ પરીક્ષા પાસ કરી તે નિમિત્તે હસ્તે મમ્મી, મીનાબેન, દાદીમા નિર્મળાબેન અને દાદા મુ.શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી પરિવાર જનો તરફથી મળ્યા.

આભાર............... તંત્રીશ્રી

# હૃદયાંજલી



## સ્વ. જતીન દિનેશચંદ્ર પંચોલી

જન્મ : તા. ૧૧.૧૨.૧૯૮૦ સ્વર્ગવાસ : તા. ૨૨.૬.૨૦૧૪

હસીને હસાવનાર સૌને રડાવી ગયો, હમણાં આવું છું કહી પલક ઢાળી ગયો..
કદી વિચારીન શકાય એવી અણધારી વિદાયથી સૌના કાળજા કંપાવી ગયો..
તારો મિલનસાર સ્વભાવ તથા હસતો ચહેરો સદા અમારી નજર સમક્ષ યાદ બની રહેશે
મિતભાષી, નિરપેક્ષભાવી, શ્રદ્ધાવાન, સમાજ હિતેચ્છુ તેમજ કુટુંબ વત્સલ
એવા અમારા આત્મીય સ્વજનના સ્વર્ગસ્થ આત્માને પરમકૃપાળુ પરમાત્મા
સદ્ગતિ અર્તે એજ પ્રાર્થના સહ હૃદયાંજલી..

## અર્પણકર્તા

મનિષભાઇ મોહનલાલ પંચોલી
બેલાબેન મનિષભાઇ પંચોલી
ગં.સ્વ. સુમિત્રાબેન મોહનલાલ પંચોલી
ચિ. પ્રિયા - રૂષિ
છાયાબેન મોહનલાલ પંચોલી
દિવ્યેશ પંચોલી
કેતુલકુમાર હસમુખભાઇ પંચોલી
દિવ્યાબેન કેતુલકુમાર પંચોલી
શૈલેષકુમાર મોહનલાલ પંચોલી
બીનાબેન શૈલેષકુમાર પંચોલી
ચિ. રિયા - ચિ. આયુષ

ગં.સ્વ. મંજુલાબેન દિનેશચંદ્ર પંચોલી
ગં.સ્વ. મિત્તલબેન જતીનભાઇ પંચોલી
ચિ. આધ્યા જતીનભાઇ પંચોલી

મનિષકુમાર કૃષ્ણકાંત ગજ્જર
હિનાબેન મનિષકુમાર ગજ્જર

પ્રફુલ્લકુમાર મનહરલાલ પંચોલી
યોગીતાબેન પ્રફુલ્લકુમાર પંચોલી
ચિ. જાનુ - પ્રિયા - કિશન - કર્ણવ

ગં.સ્વ. સુશીલાબેન સન્મુખલાલ પંચોલી
શંકરભાઇ રમણલાલ પંચોલી ઉર્મિલાબેન શંકરભાઇ પંચોલી
ચિ. લેષા - ચિરાગ

૨૦૧, શાકુંતલ કોમ્પલેક્ષ, ઉનાઈરોડ, જુના બસ સ્ટેન્ડ પાસે, વ્યારા - ૩૯૪૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬-૨૨૨૯૬૨ મો. +૯૧ ૯૮૨૫૨ ૭૫૦૨૩



ગં.સ્વ. ડાહીબેન શાંતિલાલ પંચોલી
સ્વર્ગવાસ : તા. ૦૩.૦૬.૨૦૧૪

# શ્રદ્ધાંજલી

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાત્મા જેની ભકિત હતી.
પ્રસન્નતા જેની સુવાસ હતી.
આપનો પરોકપકારી અને પ્રેમાળ સ્વભાવ
આપની સદાય યાદ આપતી રહેશે...
ડાકોરના ઠાકોરના ચરણમાં સ્થાન મળે એજ પ્રાર્થના....

## અર્પણકર્તા

શીલાબેન-અશ્વિનભાઈ એસ. પંચોલી-વડોદરા
બિનીતાબેન - પૂર્વેશકુમાર એ. પંચોલી
ગીતાબેન -સ્વ. ગીરીશભાઈ એસ. પંચોલી-રાજપીપલા
સેજલબેન-વિશ્રુતકુમાર જી. પંચોલી
વેલાબેન-શશીકાંતભાઈ એસ. પંચોલી-ચાંદોદ
નિધિબેન-અમરિષકુમાર એસ. પંચોલી
ઉષાબેન - મુકેશભાઈ કે. પંચોલી-રાજપીપલા
નિલમબેન-આલોકકુમાર એમ. પંચોલી-લંડન
ચિ. આરૂષ, નીશી, પ્રણય, દક્ષ, સ્વધા, ધ્યાની,
કરણ, ધૃતિ તથા દેવાંશના વ્હાલા ડાહીબા...



સ્વ. અનસુયાબેન ઉર્ફે હંસાબેન રતિલાલ પંચોલી
સ્વર્ગવાસ : તા. ૨૭.૦૫.૨૦૧૪

# અમારા ઘરની બુઝાયેલ ઘરદીવડીને શ્રદ્ધાંજલી

નથી હયાત પણ સાથે છો, આપ એવું લાગ્યા કરે છે..
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે..
જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં રહ્યા...
કાર્યો એવા કરતાં ગયા કે સૌના સ્મરણમાં રહ્યાં..
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ
અર્પે એજ અમારી પ્રાર્થના....

## અર્પણકર્તા

રતિલાલ નાગરદાસ પંચોલી
કિરણકુમાર રતિલાલ પંચોલી
કાપોદરા-સુરત
ધવલ – ભારતી – આરતી

એ-૨૪, ગુરૂકૃપા બિલ્ડીંગ,
બાપા સીતારામ, લંબેહનુમાન રોડ સુરત

## shaadi.com

Name : Esha Sanjay Jariwala
Education : B.E. (Computer) (charusat)
Job : Software Developer at Surat
Birth Dt. : 18-08-1990 Time : 2.35 pm.
Height : 5' 3" Birth Place : Ahmedbad
Father : Sanjay Mukundchandra Jariwala
Mother : Alauki Sanjay Jariwalal
Mobile : 98980 16728/98244 62925
Sister : One (Study)
Address : B-3, Govardhan Park Row House,
New Gujarat Gas Road, Adajan,
Surat



Esha Sanjay Jariwala
B.E. (Computer charusat).



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**
જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩
અષાઢ સુદ એકમ

# પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

હસતો ચહેરો તમારો ભુલાતો નથી
સૌના હૃદયમાં એ રમતો સમાતો નથી,
તમારી સાથે વિતાવેલ અમૂલ્ય સમય
જતાં તો જતો રહ્યો....
પણ હવે એ યાદોમાં ખોવાઈને
આંખોમાં અશ્રુ સુકાતા નથી..
હસતો ચહેરો તમારો ભુલાતો નથી......

**અર્પણકર્તા**
ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
ચિ. ચૈતાલી નંદકિશોરભાઈ પંચોલી

૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨



# શ્રદ્ધાંજલી

બારડોલી નિવાસી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના
બીજા માજી તંત્રીશ્રી
**શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી**
નું તા. ૨૦.૦૬.૨૦૧૪ના રોજ નિધન થતા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે... એમની ખોટ અવારનવાર પ્રસંગોપાત સાલશે...પણ ધાર્યું ઈશ્વરનું જ થાય છે... પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના કુટુંબીજનોને પ્રભુ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના

લિ.
મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
ચંદ્રકાંત જે. પંચોલી-મહામંત્રી
દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રી-નવયુગ તંત્રી
ટ્રસ્ટીગણ, ખજાનચીબોર્ડ તથા સંલગ્ન સંસ્થાના અધ્યક્ષો
તથા મંત્રીશ્રીઓ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી**
**સ્વર્ગવાસ તા. ૨૦.૦૬.૨૦૧૪**
**નવયુગ તંત્રી પદ ૧૯૬૭ થી ૧૯૭૩**

# શ્રદ્ધાંજલી



**શ્રી જતીનભાઈ દિનેશચંદ્ર મિસ્ત્રી**
અવસાન : તા. ૨૨.૬.૨૦૧૪

શ્રી પંચોલી નવયુગ પ્રકાશન સમિતિના સભ્ય
**શ્રી જતીનભાઈ દિનેશચંદ્ર પંચોલી**
નું તા. ૨૨.૦૬.૨૦૧૪ના રોજ આકસ્મિક નિધન થતા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત પંચોલી નવયુગના એક સન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે... એમની ખોટ અવારનવાર પ્રસંગોપાત સાલશે...ઈશ્વરને ગમ્યુ એ ખરું......
પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના કુટુંબીજનોને પ્રભુ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રર્થના

લિ.
મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ ચંદ્રકાંત જે. પંચોલી-મહામંત્રી
દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રી-નવયુગ તંત્રી
ટ્રસ્ટીગણ, ખજાનચીબોર્ડ તથા સંલગ્ન સંસ્થાના અધ્યક્ષો તથા મંત્રીશ્રીઓ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# સફળતાની ચાવી

ઘણાં લોકોને ટેવ હોય છે કે તે બધું જ જાણે છે, અને તેવા જ્ઞાનીની બડાઇ મારે છે. તમારું જ્ઞાન બતાવ્યા કરવાથી તમને બીજા પાસેથી કાંઇ મળતુ નથી.

પાકો વેપારી પોતે ચૂપ રહે છે અને સામા માણસને બોલવા દે છે. તેને બોલવા ઉત્તેજે છે. તેને તેના જ્ઞાનનું દર્શન કરવા દે છે. આમ કરવાથી તેને પોતાને જોઇએ તે બાતમી મળી જાય છે, અને પેલા કહેવાતા જ્ઞાની કે જાણકાર પાસેથી પોતાના લાભ માટેની બાતમી કઢાવી લે છે. એટલે હંમેશા અજ્ઞાની બનવામાં લાભ છે. તે ઉપરાંત તમારામાં આત્મવિશ્વાસ હોય તો પછી સફળતા તમારા ચરણોમાં છે...

કનૈયાલાલ આર. પંચોલી-બરકાલ

# સ્વાતંત્ર્ય સેનાનીને શ્રદ્ધાંજલી



**શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી**
**જન્મ : ૨૮.૦૬.૧૯૨૩ સ્વર્ગવાસ તા. ૨૦.૦૬.૨૦૧૪**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાત્મા જેની ભકિત હતી. પ્રસન્નતા જેની સુવાસ હતી.
આપનો પરોપકારી અને પ્રેમાળ સ્વભાવ
આપની સદાય યાદ આપતી રહેશે... પ્રભુ ચરણમાં સ્થાન મળે એજ પ્રાર્થના....

## અર્પણકર્તા

યોગેશભાઈ ભગવાનદાસ મિસ્ત્રી
નીતાબેન યોગેશભાઈ મિસ્ત્રી
સુરત
અંકિતકુમાર અનિલભાઈ પંચોલી
પ્રિયા અંકિતકુમાર પંચોલી
વ્યારા

ડો. મહેશભાઈ મોહનલાલ મિસ્ત્રી
મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
મૌલિક મહેશભાઈ મિસ્ત્રી
નીપા મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી
ખૂશ્બુ વિસ્મયમિસ્ત્રી
અંકલેશ્વર

હરીશભાઈ ભગવાનદાસ મિસ્ત્રી
દક્ષાબેન હરીશભાઈ મિસ્ત્રી
નિલ હરીશભાઈ મિસ્ત્રી
રાધિકા હરીશભાઈ મિસ્ત્રી
બારડોલી

સ્વ. કમલભાઈ નરોત્તદાસ મિસ્ત્રી પરિવાર
શ્રી રાજનભાઈ નરોત્તમદાસ મિસ્ત્રી પરિવાર
કાશ્મીરાબેન કે. વોરા – મુંબઈ

# કસોટી

જેસલ મિસ્ત્રી-અંકલેશ્વર

ઘણાં લાંબા સમય પહેલા સીતાપુર રાજયમાં રાજા રણજિતસિંહજી રાજ્ય કરતા હતાં. તેના રાજયમાં લોકો ખૂબ જ સમૃદ્ધ અને સુખી હતાં. રાજાજી સુખી અને દયાળુ હતા. રાજા રણજીતસિંહ તેના રાજયમાં ખૂબ જ લોકલાડિલા હતાં. આ રાજાને ત્રણ પુત્રો હતાં. ત્રણેય રાજકુમારમાંથી કોને ઉત્તરાધિકારી બનાવવો એ પ્રશ્ન ખૂબ જ વિકટ હતો. રાજાજી પોતાના પ્રધાનને આ વાત જણાવે છે. રાજયના પ્રધાન ખૂબ જ બુદ્ધિશાળી હતાં. પ્રધાનજી રાજાને ત્રણેય રાજકુમારોની બુદ્ધિ કસોટી કરવાની સલાહ આપે છે. આ કસોટીમાં જે પ્રથમ આવે તેને રાજયના ઉત્તરાધિકારી બનાવવાની સલાહ આપે છે.

રાજા રણજિતસિંહજીએ ત્રણેય રાજકુમારોને બોલાવ્યા અને ત્રણેય રાજકુમારોને પાંચ પાંચ હજાર સોનામહોર ભરેલી થેલી આપી જણાવ્યું કે રાજકુમારો આ સોનામહોરો વેચી તેની ઉત્તમ વસ્તુઓ ખરીદી પોતપોતાના મહેલના તમામ ઓરડાઓ ઉત્તમ વસ્તુથી ભરશે તેને સીતાપુર રાજયનો ઉત્તરાધિકારી બનાવવામાં આવશે. આ કામ માત્ર ત્રણ દિવસની અંદર કરવાનું છે. ચોથા દિવસે રાજા અને પ્રધાન દરેક રાજકુમારના મહેલની મુલાકાત લેશે અને રાજાનો ઉત્તરાધિકારી જાહેર કરશે. આ વાત સાંભળી ત્રણેય રાજકુમારો પોતપોતાની સોનામોહરથી ભરેલી થેલી લઇ પોતપોતાના મહેલમાં જાય છે અને વિચારે છે કે આ બુદ્ધિ કસોટીમાંથી કેમ પાર ઉતરવું ? ત્રણેય રાજકુમારો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વિચારી બજારમાં જાય છે અને ઉત્તમ વસ્તુ ખરીદી પોતાના મહેલના તમામ ઓરડાઓ ભરે છે.

ત્રણ દિવસના વાયદા પ્રમાણે રાજા અને પ્રધાન રાજકુમારોના મહેલે જાય છે. પોતાના રાજકુમારોની બુદ્ધિપ્રતિભાનું પ્રદર્શન જોવા અને રાજયનો ઉત્તરાધિકારીનો નિર્ણય જાહેર કરવા. રાજાજી અને પ્રધાનજી પ્રથમ સૌથી જેષ્ઠ(મોટા) રાજકુમારના મહેલે જાય છે. જયારે રાજાજી અને પ્રધાન મહેલમાં પગ મુકે છે ત્યારે આખો મહેલ અંધકારથી ભરેલો હોય છે. મહેલના તમામ ઓરડાઓ ખાલી હોય છે. મોટા રાજકુમાર મહેલના એક ખૂણામાં મદિરાપાન કરી બેહોશ હાલતમાં સુતા હોય છે. જયારે રાજાજી પ્રશ્ન કરે છે ત્યારે મોટા રાજકુમાર પ્રશ્નનો જવાબ આપવાના બદલે અપમાન કરે છે અને જણાવે છે કે પાંચ હજાર સોનામહોરોથી આખા મહેલના તમામ ઓરડાઓ ભરી ન શકાય તેનાં વિચારમાં અને વિચારમાં જયેષ્ઠ રાજકુમાર બજારમાં જાય છે અને મદિરા ખરીદી પીવા લાગી જાય છે. ત્રણ દિવસમાં પાંચહજાર સોનામહોરો વેચી મદિરાપાનમાં વેડફી નાંખે છે. આ દ્રશ્ય જોઇ રાજાજી અને પ્રધાનજી ખૂબ દુઃખી થાય છે અને મહેલ છોડી બીજા રાજકુમારના મહેલે જાય છે.

બીજા નંબરના રાજકુમારના મહેલે જયારે રાજાજી અને પ્રધાન જાય છે. ત્યારે બીજા નંબરના રાજકુમાર દરવાજા પાસે બેઠો હોય છે. અને રાજાજી અને પ્રધાનજીની રાહ જોતા હોય છે. રાજાજી અને પ્રધાનજી મહેલમાં પ્રવેશે છે ત્યારે મહેલમાંથી ખૂબ જ ખરાબ દુર્ગંધ આવતી હોય છે. અને દરેક ઓરડો કચરા અને ઉકરડાથી ભરેલો જોવા મળે છે. રાજાજી રાજકુમારને પ્રશ્ન કરે છે કઇ ઉત્તમ વસ્તુ ખરીદી જેથી તારો મહેલ આટલી ખરાબ દુર્ગંધ મારે છે. રાજકુમાર જવાબ આપે છે કે પાંચ હજાર સોનામોહર માંથી ફક્ત કચરો અને ઉકરડો જ ખરીદી શકાય છે. અને મહેલના તમામ ઓરડા ભરી શકાય. મેં મારી બુદ્ધિનો ઉપયોગ કરી સસ્તી વસ્તુ ખરીદી મહેલનો દરેક ઓરડો ભર્યો છે. રાજકુમારનો જવાબ સાંભળી રાજાજી નિરાશ થાય છે અને ત્રીજા રાજકુમારના મેહલે જાય છે.

જયારે સૌથી નાના રાજકુમારના મહેલે રાજાજી અને પ્રધાનજી જાય છે ત્યારે મહેલની આજુબાજુ સુગંધ ફેલાયલી મહેસુસ કરે છે. રાજાજી અને પ્રધાનજી મહેલની અંદર જઇ નિરિક્ષણ કરે છે તો મહેલનો દરેક ઓરડો પ્રકાશથી, સુગંધથી અને સંગીતથી ભરેલો જોવા મળે છે. નાના રાજકુમારે દરેક ઓરડામાં દિવા પેટાવ્યા હોય છે. દરેક ઓરડામાં રંગબેરંગી ફુલો વેરાવ્યા હોય છે. દરેક ઓરડામાં વીણાનું મધુર સંગીત સંભળાતું હોય છે. જયારે રાજાજી અને પ્રધાનજી ને જોઇ રાજકુમાર વીણા બંધ કરી ઉભા થાય છે અને રાજાજી અને પ્રધાનજીને નમસ્કાર કરે છે. નાના રાજકુમાર વધેલા સોનામહોરની થેલી રાજાજીના પગમાં મુકે છે. રાજાજી જયારે નાના રાજકુમારને ઉત્તમ વસ્તુની ખરીદી અને ઓરડા ભરવાનો પ્રશ્ન કરે ત્યારે પ્રધાનજી રાજકુમાર વતી જવાબ આપે છે કે નાના રાજકુમારે ત્રણ ઉત્તમ વસ્તુ ખરીદી કરી આખા મહેલને પ્રકાશથી, સુગંધથી અને સંગીતથી ભર્યો છે. રાજકુમારની બુદ્ધિ પ્રતિભા અને પ્રધાનજીના નિરિક્ષણથી ખૂબ ખુશ થાય છે. અને નાના રાજકુમારને ભેટી પડે છે. બીજા દિવસે રાજાજી નાના રાજકુમારને સીતાપુર રાજયનો ઉત્તરાધિકારી તરીકે જાહેર કરે છે.

આમ ત્રણેય રાજકુમારોની બુદ્ધિ કસોટીની પરીક્ષા લઇ

રાજા રણજીતસિંહજી નાના રાજકુમારને પોતાનો ઉત્તરાધિકારી બનાવી રાજ સોંપે છે. આ વાર્તા અહીં પુરી થતી નથી આ વાર્તામાં એક બીજી વાર્તા અને બોધ છુપાયેલો છે. આ વાર્તા ફિલોસોફિકલ વાર્તા છે. તેમાં રહેલા શબ્દો જેવા કે મહેલ, રાજકુમાર, ઓરડાઓ અને સોનામોહોરો જેવા શબ્દો પ્રતિકાત્મક છે. 'મહેલ' એટલે આપણું શરીર, રાજકુમાર એટલે મનુષ્ય, ઓરડાઓ એટલે મગજના ખાના, 'સોનામહોરો એટલે જિંદગીના દિવસો, આમ આ વાર્તામાં બોધ રહેલો છે કે દરેક મનુષ્યે પોતાના જીવનમાં શું કરવાનુ છે કે જેથી તેનું જીવન પ્રકાશ, સુગંધ અને સંગીતથી મહેંકી ઉઠે... પેલા નાના રાજકુમારની જેમ. દરેક મનુષ્યે પોતાના જીવનને પ્રકાશ, સંગીત અને સુગંધથી ભરી દેવું જોઇએ...

(સંકલન) ફોરમ દેવાંગ ગાંધી
મીરારોડ

# વિનય અને વિવેક

માણસનો સાચો શણગાર એનો વિનય છે. વિનય વિનાનો માણસ નાથ વિનાના આખલા જેવો છે, કારણ કે તે કયારે શું કરે તે કળી શકાય નહીં આપણે તેથી કહીએ છીએ કે,માણસના બે હાથ છે : એક વિનય અને બીજો વિવેક. જો કે, બંને એક હોવા છતાં જરા જુદા છે. વિનયી માણસને સૌ માન આપે છે અને લે છે. વિનય જ જેની માયામૂડી હોય છે એ બધે જ વખણાય છે.

વિનય માત્ર વાણી દ્વારા જ નહીં, પણ વર્તન દ્વારા પણ પ્રગટવો જોઇએ. વિનય કોઇના શીખવવાથી આવતો નથી, પણ બાળક માટે એના ઘરનું વાતાવરણ, વડિલોનો વ્યવહાર અને આજુબાજુના વાતાવરણના આધારે આવતો હોય છે. સમજણ આવ્યા પછી બાળક તે બધું જ નોંધતું રહેતું હોય છે, જેમાંથી એ શીખે છે. માણસ ગમે તે વિદ્યા કે અર્થમાં શિખરે પહોંચે, ગમે તેવી પ્રગતિનાં સોપાનો સર કરે તો પણ એણે એનો વિનય ચૂકવો જોઇએ નહીં. કયારેક એવું બની ગયું હોય કે, ઉચ્ચ વિનયી કુળમાં જન્મ્યા પછી પણ વિનયનો અભાવ વર્તાતો હોય. જે અવિનયી છે તે ગમે તેટલા મોટા હોય, ઉચ્ચ હોદ્દા પર હોય પણ દરેક માણસ એને અંદરથી ધિક્કારતો હોય છે.

'જે વિનય તપ કરનારા તપસ્વીઓના પુણ્યને સર્જે છે, સુખને ઇચ્છનારા ગૃહસ્થીઓની સંપત્તિઓને વધારે છે તેમજ યોગીજનોની મુકિતને માટે જે ફળરૂપ બને છે, તે વિનય સત્પુરુષોને પ્રિય કેમ ન હોય ?' એવો પ્રશ્ન છે. દરેકને તે પ્રિય જ હોય છે. જેનામાં વિનય નથી હોતો એનામાં ક્રોધની માત્રા વધારે હોય છે. આપણે જાણીએ છીએ કે, ક્રોધમાં માણસ શું કરી બેસે છે. તેથી તો વિનય જ માણસની મોટી મૂડી છે.

'જો વિનયને ઠોકરાવી દઇએ તો તે ક્રોધને જન્મ આપે છે.' તેથી વિનયશીલ બનવું જોઇએ. જે પરમાર્થી છે, મોટા છે, સમજુ અને વિદ્વાન છે એવા લોકોનો મુખ્ય અલંકાર વિનય જ ગણાય છે. તમારી પાસે ભારોભાર ઘરેણાં હોય, ધન-દોલત હોય, હીરામાણેક હોય પણ જો વિનય ના હોય તો ? શું કામનું એ બધું ? તેથી તો વિદ્યા અને વિવેક વિનાનો માનવી પૂંછડા વિનાના પશુ જેવો ગણાય છે.

'વિનય' શબ્દ તે કોઇ ત્રણ અક્ષરની જોડ નથી, પણ માણસના અંદરના તપનો પ્રકાશ છે જે કોઇને વિજયી બનવું હોય એણે વિનય તો શીખવો જ પડે છે. વિનયમાં બનાવટ ના ચાલે. વિનય તો અંતરમાંથી ઝરતું ઝરણું છે. માત્ર બનાવટ કરનારા વિનયી લોકો સમાજમાં લાંબા કાળ સુધી ચાલી શકતા નથી. જેનામાં વિનય છે તે ગમે તેવાના દિલ જીતી શકતો હોય છે. આપણી વિદ્વતા અને વિદ્યા પણ વિનયથી જ શોભે છે.''વિદ્યા વિનયન્ શોભતે' કહેવાયું છે તે સાચું છે. જો વિદ્યા હોય અને એ વિદ્યાનો કેવી રીતે ઉપયોગ કરવો એટલો પણ વિનય ન હોય તો શું થાય ? કેટલાક લોકો ઉપદેશ આપીને વિનય શીખવતા હોય છે, પણ એનાથી ઝાઝો ફેર પડતો નથી. જેની વાણી અને વર્તનમાં વિનય હોય છે, એની પાસેથી લોકો ઝટ શીખે છે. વર્તણૂંક જ વિનયની સાચી ચાવી છે. તેથી તો બાણભટ્ટે કહ્યું છે : 'મોટાઓની એક પદ્ધતિ છે કે, બોલ્યા વિના પોતાના વ્યવહારથી નાનાઓને વિનય શીખવે છે.' પોતાના વ્યવહાર દ્વારા શીખવેલ વિનય એજ ઉત્તમ અને સાચો વિનય છે. તેથી કોઇને 'વિનયી જ નથી' અથવા 'એનામાં કોઇ પણ પ્રકારનો વિનય જ નથી' એવો ગુસ્સો કરવાથી કે ધિક્કારવાથી કશો અર્થ સરતો નથી. માણસને પ્રેમથી કહીને એને સાચી દિશાનો નિર્દેશ કરવો જોઇએ, તે પણ હૃદયના ભાવથી નહીં કે માત્ર હોઠથી.

ટ્રીન....ટ્રીન..

રાકેશકુમાર દિનેશભાઇ પંચોલી-વાપી
ફોન : ૦૨૬૦ ૨૪૬૮૯૦૧

એક સત્ય ઘટના

# એક ભિખારીની ખુમારી : 'ખાને કે અલાવા ભી બહોત કુછ કામ હોતે હૈ જિંદગી મેં, સમજે ?!'

વીખરાયેલા વાળ, ફાટેલાં ગંદા કપડાં, એક હાથમાં ઝાડુ અને બીજાં હાથમાં ચા પીવાનો એક નાનો ગ્લાસ લઈને એ દરરોજ આખા ગામમાં જયાં ત્યાં રખડયા કરતો. એ કોઈની પાસે કશું માંગતો નહીં ને કોઈ એના પર દયા ખાઈને કંઈક આપે તો એ લેતો પણ નહીં ! છતાં ગામના બધાં લોકો 'ભિખારી' કહેતા હતા. જો કે એનો બાહ્ય દેખાવ બિલકુલ ભિખારી જેવો જ હતો છતાં એનામાં એક પણ લક્ષણ ભિખારીનું ન હતું. પછી.... કોઈકની પાસેથી જાણવા મળ્યું કે આ માણસ કંઈ જન્મ જાત ભિખારી નથી, પણ કોઈક સંજોગોને કારણે એની માનસિક સમતુલા ચાલી જતાં એ ભિખારી જેવી દશામાં જીવવા માટે મજબૂર બન્યો છે ! એ દરરોજ આખા ગામમાંથી બસ કેટલાંક નક્કી કરેલા ઘરોમાંથી એક કપ ચા માંગીને પીતો હતો અને કદાચ આખા દિવસમાં એક જ ટાઈમ જમતો હતો. અમારા જેવા કેટલાય લોકોએ એને સારાં કપડાં અને સામેથી ખાવા-પીવાનું અને પૈસા પણ આપી જોયાં, પણ એ લેવાનો એ સાફ ઈન્કાર કરી દેતો અને કહેતો કે 'મૈં ભિખારી નહીં હૂં, કયા આપ મુઝે ભીખમંગા સમજ રહે હૈ ?' એટલું કહીને એ ચાલતી પકડતો....! છતાં એ લોકોના વાડામાં પડેલાં કચરાના ઢગલામાંથી કંઈક શોધ્યા કરતો હતો. કોઈ એને કંઈ ખાવાનું આપે તો એ સામે શીખામણ આપતો કે,'ભાઈસાબ, યે જીંદગી કયા ખાને-પીને કે લીયે હૈ ? ખાને કે અલાવા ભી બહોત કુછ કામ હોતે હૈ જીંદગી મેં, સમજે ?!' અસ્તુ. (સત્ય ઘટના)

જીતેન્દ્રસિંહ ઠાકોર-કીમ

## આપણું ગૌરવ

બૃહન્ન મુંબઈ નિમ્નસ્તર મરાઠી શિક્ષક સંઘઠના દ્વારા લેવાયેલ મરાઠી ભાષાની પરીક્ષામાં મુંબઈના કુ. ઉન્નતી શૈલેષભાઈ પંચોલી તીસરી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં તેમજ ચિ. કેયૂર શૈલેષકુમાર પંચોલી પહેલી પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તિર્ણ થયા છે... ખૂબ ખૂબ અભિનંદન.......

## નારી શકિત

ગીરનાર તેજસ્વિની પુરસ્કારથી સન્માનિત નારીઓ....

પ્રથમ ગુજરાતી IAS મહિલા : અનુરાધા મલ્લ

પ્રથમ ગુજરાતી IPS મહિલા : નિપુણા તોરવણે

પ્રથમ ગુજરાતી ફોરેસ્ટ ઓફિસર : રસીલા વાઢેર

પ્રથમ મહિલા બસ કન્ડકટર : વર્ષા પટેલ

પ્રથમ મહિલા ટીવી ઉદ્ઘોષિકા : શોભાબહેન

મોનોપોઝ ક્ષેત્રે પ્રથમ વિશિષ્ટ યોગદાન કર્તા : ડૉ. કલાબેન શાહ

તરંગ વિરાંગના : મીના પટેલ

મહિલા ઉદ્યોગ સાહસિક : દક્ષા યાજ્ઞિક

સમાજ સેવિકા : મેહરૂન્નિશા દેસાઈ

પ્રથમ મહિલા સ્ટેશન ડિરેકટર અને જાણીતા સમાજ સેવિકા-લેખિકાજે લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર મેળવનાર મહિલા : વસુબહેન

ઉપરોકત પુરસ્કાર આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ નૃત્યાંગના પદ્મભૂષણ શ્રીમતિ કુમુદિનીબેન લાખિયાના વરદ હસ્તે આપવામાં આવ્યા હતા....

મયુરી રવિન્દ્ર મિસ્ત્રી-સુરત

shaadi.com



નામ : નિકુંજ
પિતાનું નામ : વિનોદચંદ્ર જયંતિલાલ પંચોલી
જન્મ તા. : ૨૭.૦૫.૧૯૯૧ સમય : સાંજે ૭.૩૦
ઉંચાઈ : ૫'' ૬ ' વજન : ૬૦ કિલો
અભ્યાસ : SSC - ITI
સર્વિસ : બોઈલર-L&T Hajira Surat
સરનામું : ૩૦૪, ગણાધિશ કોમ્પલેક્ષ, મહેશ કોમ્પલેક્ષની પાછળ, વાઘોડિયા રોડ, વડોદરા
મો. : ૯૯૨૪૮ ૨૮૯૬૦/૦૮૪૦૧૦ ૫૨૪૯૪
ભાઈ : ૧
જન્માક્ષરમાં માનો છો ? : હા મંગળ-શનિ : નથી

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ

રવિવાર તા. ૨૨.૬.૨૦૧૪ના દિને શ્રી પંચોલી સેવા સમાન, શ્રી આવિષ્કાર ગ્રુપ અને શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઈ તરફથી મીઠીબાઈ સેમીનાર હોલ વિલેપાર્લામાં શ્રી અનિલ લર્વીગીયા નિર્મિત વિવિધ મનોરંજન, મેજીકલ અને લોજીકલ ગેમ્સ તેમજ મેથેમેટીક્સ ગેમનો પ્રોગ્રામ બપોરે ૩ થી ૬ દરમ્યાન રાખવામાં આવ્યો હતો. જેની ફી માત્ર રૂા. ૨૦૦/- રાખવામાં આવી હતી.

૩.૧૫ કલાકે શ્રી પંચોલી સેવા સમાજના મંત્રી શ્રી પરાગ નવિનભાઈ મિસ્ત્રીએ કાર્યક્રમની શરૂઆત કરી. શ્રી પંચોલી સેવા સમાજના પ્રમુખ ડો. ભૂપેન્દ્ર ચુનીલાલ પંચોલી, ઉપ પ્રમુખ શ્રી મુકેશ પરમાનંદ પંચોલી , શ્રી રાહુલ જીતેન્દ્રભાઈ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઈલાબેન રજનીકાંત પંચોલી, આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઈ મિસ્ત્રીને આમંત્રિત કર્યા.

સ્વ. ભગવાનદાસ મકનજી મિસ્ત્રીનું અવસાન થતા શ્રદ્ધાંજલી અર્પિત કરી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના પ્રમુખ શ્રી ડૉ. ભૂપેન્દ્રભાઈએ નારીરત્ન માનનીય હસુમતીબેનનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કર્યુ. નારીરત્ન માનનીય હસુમતીબેને કાર્યક્રમના પ્રવકતા શ્રી અનિલ લર્વીગીયાનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યા બાદ કાર્યક્રમની શરૂઆત થઈ.

મીઠીબાઈ સેમીનાર હોલમાં ૧૧૪ સીટ હતી જે બધી જ સીટો ફુલ થઈ ગઈ હતી. નાના બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિક સુધી દરેકે ઉત્સાહથી ભાગ લઈ મનોરંજન કર્યુ હતું.

શ્રી અનિલભાઈએ મેજીકલ, લોજીકલ અને મેથેમેટીક્સ ગેમ દ્વારા બધાની બર્થ ડેઈટ, મેરેજ એનીવર્સરી ડેઈટ, પર્સમાં કેટલા રૂપિયા છે તે બાબતમાં શરતજો ભૂલ થાય તો બધા જ પૈસા પાછા આપવાની શરતે લોકોને સાચી વિગત જણાવી આશ્ચર્યમાં મુકી દીધા હતાં.

વિવિધ મનોરંજન દ્વારા બાળકો અને મોટાઓએ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

શ્રી નવસારી પંચોલી પંચની સામાન્ય સભા તા. ૮.૬.૨૦૧૪ને રવિવારના રોજ યોજવામાં આવી હતી. પ્રથમ મંત્રીશ્રી અનિષભાઈએ સૌને સ્વાગત કરી આવકાર્યા અને વર્ષ ૨૦૧૩-૧૪માં પાસ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં. ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓને નોટબુક તથા રૂા. ૨૧,૭૦૦/-ની રોકડ સહાયનું વિતરણ ગં.સ્વ. નર્મદાબેન સુર્યકાંત પંચોલી, ગં.સ્વ. વિણાબેન શાંતિલાલ પંચોલી તથા ગં.સ્વ. ભારતીબેન મહેશભાઈ પંચોલીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

| ધો. | નામ | ટકા |
|---|---|---|
| નર્સરી | દુવા સુકેતુભાઈ પંચોલી | એ |
| જુ.કે.જી | ઉર્વી હિતેશભાઈ પંચોલી | બી |
| | નિલ જતિનભાઈ મહેતા | એ+ |
| સી.કે.જી. | હિર દિપેશભાઈ પંચોલી | ૯૫ |
| | જાહાન્વી કૌશિકભાઈ મિસ્ત્રી | ૭૬ |
| | મુદ્રા નિકુંજભાઈ મિસ્ત્રી | એ |
| | રૂષભ કલ્પેશભાઈ પંચોલી | એ+ |
| | નેત્રા સુકેતુભાઈ પંચોલી | એ+ |
| ૧ | મહેક વિજયભાઈ મિસ્ત્રી | ૯૦ |
| | દિશા હિતેશભાઈ મિસ્ત્રી | ૮૫ |
| ૨ | ક્રિશા કિરણભાઈ પંચોલી | ૮૮ |
| | દર્શિત અનિશકુમાર પંચોલી | ૭૫ |
| ૩ | ધ્રુવી અનિશકુમાર પંચોલી | ૭૦ |
| | વૃત્તિ શિતલકુમાર પંચોલી | ૮૭ |
| | રૂદ્ર પ્રણવકુમાર પંચોલી | ૭૫ |
| ૪ | કબીર મનિષભાઈ પંચોલી | ૯૪ |
| ૫ | ઈશાન તરંગકુમાર પંચોલી | ૯૧ |
| | નેન્સી મિતેષભાઈ પંચોલી | ૭૪ |
| | પ્રાચી કલ્પેશભાઈ પંચોલી | બી |
| ૬ | ભુમી હેમંતભાઈ મહેતા | બી |
| | જેમીન પિયુષભાઈ પંચોલી | ૭૦ |
| | વાસુદેવ કૌશિકભાઈ મિસ્ત્રી | ૫૪ |
| | (વાસુદેવ શૈલેષકુમાર મારવાડી) | |
| ૭ | કુશલ કલ્પેશભાઈ પંચોલી | બી |
| | ઝીનલ નિલેશભાઈ મિસ્ત્રી | ૮૯ |
| | ભાવી તરંગકુમાર મિસ્ત્રી | ૯૦ |
| | અવની આનંદભાઈ પંચોલી | ૮૦ |
| | દિયા સમીરભાઈ પંચોલી | ૭૫ |
| | મૈત્રી મિતેષભાઈ પંચોલી | ૮૩ |
| ૮ | દ્રષ્ટિ કિરણભાઈ પંચોલી | ૬૯ |
| | સ્વરા કમલેશભાઈ પંચોલી | એ |
| ૯ | ચિરાગ દિપકભાઈ પંચોલી | - |
| ૧૧ | પલક નિલેશભાઈ મિસ્ત્રી | ૭૬ |
| | હર્ષિલ દિપકભાઈ પંચોલી | - |
| ૧૨ | સ્મિત પરેશભાઈ પંચોલી | ૫૮ |

ઉપરોકત ઈનામ વિતરણ બાદ નર્મદાબેન, વિણાબેન તથા ભારતીબેનનો આભાર વ્યકત કર્યો હતો. આપણી જ્ઞાતિમાં હાલમાં ભણતરમાં છોકરાઓ કરતાં છોકરીઓ વધુ ભણે છે એ બાબતમાં દરેક વાલીઓને છોકરાઓને વધુને વધુ ભણાવવા પ્રોત્સાહિત કરે અને જીવનમાં વધુને વધુ પ્રગતિ કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

નવસારી પંચોલી જ્ઞાતિપંચની દરેક માથાદિઠ વ્યકિતને સમાજના સભ્ય બનાવવા સર્વે જ્ઞાતિજનોનો અભિપ્રાય લીધો હતો અને ચર્ચા વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યું કે નવસારી સમાજમાં જે વ્યકિત સમાજમાંથી દર વર્ષે વિધવા કે આર્થિક સહાય લે છે તેવી વ્યકિતએ આ સભ્ય ફી ભરવી નહીં.બાકીના ઘરના દરેક સભ્યોએ આ ચાલુ વર્ષ ૨૦૧૪થી દર વર્ષે રૂા. ૧૦૦/- અંકે રૂપિયા સો ભરવાના રહેશે એવું સર્વસંમતિથી નકકી કરવામા આવ્યું. જેની નોંધ નવસારી સમાજના દરેક સભ્યો અને નવસારી બહાર વસતા નવસારીના સભ્યોએ લેવી.

પ્રમુખશ્રી તરફથી જ્ઞાતિજનોને મેડીકલેમ માટે વિશેષ માહિતી આપી તેમજ દરેક વ્યકિતએ મેડીકલેમ ઉતરાવવો જરૂરી છે..એમ જણાવ્યું.

શ્રી ઉત્તમરામ ભાણાભાઇ મિસ્ત્રી ટ્રસ્ટમાંથી શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રીએ રાજીનામું આપ્યુ હતું તેમની જગ્યાએ નવા ટ્રસ્ટી તરીકે શ્રી કિરણભાઇ પરમાનંદભાઇ પંચોલીના નામની દરખાસ્ત સામાન્ય સભામાં કરવામાં આવી અને સર્વાનુમતે તેમને મંજુરી આપી હતી.

સહતંત્રી જતિનભાઇએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરી સભા બરખાસ્ત કરી હતી. અંતમાં અલ્પાહાર અને કોલ્ડડ્રિંકસને ન્યાય આપી છુટા પડયા.

૧૫૧ શ્રી દિપકભાઇ નટવરભાઇ મિસ્ત્રી
૧૫૧ શ્રી કિરણભાઇ પરમાનંદભાઇ પંચોલી
૧૫૧ શ્રી શરદચંદ્ર ઉત્તમરામ મિસ્ત્રી
૧૦૧ ગં.સ્વ. વિણાબેન ભોગીલાલ મિસ્ત્રી
ઉપરોકત મળેલ દાન બદલ દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

## એક દિવસીય પ્રવાસ-નવસારી

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી એક દિવસીય પ્રવાસમાં સરદાર સરોવર, રાજપીપલા, પોઇચા,નો ગોઠવવામાં આવ્યો હતો. જેમાં વિધવા નિરાધારને નિઃશૂલ્ક, સીનીયર સીટીઝનને ૫૦ ટકા અને ૪ વર્ષની ઉપરના બાળકોને ૪૦ ટકા રાહત આપવામાં આવી હતી.

તા. ૨૫.૫.૨૦૧૪ને રવિવારના રોજ સવારે ૫.૩૦ કલાકે આરતી કરી પ્રવાસની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ અંકલેશ્વર નજદીક આવેલ ગુમાનદેવ મહાદેવના દર્શન કરી ગોરા મુકામે આવેલ શુલપાણેશ્વર મહાદેવના દર્શન કર્યા અને ત્યાં અલ્પાહારને ન્યાય આપી સરદાર સરોવર ડેમ નિહાળવા પ્રયાણ કર્યુ. ગાઇડ દ્વારા સંપૂર્ણ સરદાર સરોવર ડેમ નિહાળ્યો અને આનંદ મેળવ્યો..

ગરૂડેશ્વર દત્તમંદિર અને નર્મદા દર્શન કર્યા.. રાજપીપલા મુકામે રાજવંત પેલેસ રીસોર્ટમાં ફર્યા. અને રાજપીપલાના રાજવી ઠાઠને માણ્યો. ત્યારબાદ પોઇચા મુકામે આવેલ નયનરમ્ય સ્વામીનારાયણ ગુરુકુળ મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી. અને રાજપીપળા આવી રાત્રી ભોજનને ન્યાય આપી નવસારી જવા રવાના થયા. આ આયોજનમાં સાથ-સહકાર આપનાર શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના મહામંત્રી શ્રી ચંદ્રકાંત જે. પંચોલીનો નવસારી પંચ આભાર માને છે.

## શ્રી પંચોલી સેવા સમાજ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાની કારોબારી તથા વાડી ટ્રસ્ટની મિટિંગ તા. ૧૬.૬.૨૦૧૪ને સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવી. જેમાં મોટાભાગના સભ્યોએ હાજરી આપી હતી. પ્રથમ દિવંગત આત્માઓને બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપ્યા બાદ મિટિંગની શરૂઆત મંત્રીશ્રી જયેશભાઇ પંચોલીએ એજન્ડા મુજબ શરૂ કરી.

વિના મૂલ્યે નોટબુક તથા પુસ્તકો વિતરણની વ્યવસ્થા શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમાનંદભઇ પંચોલી-માળીવાડના ઘરે રાખવામાં આવેલ છે. એમ જે મળે એ તમામ જ્ઞાતિજનોને એક બીજાને જણાવવા કહ્યું. ચાલુ વર્ષની સભ્ય ફી તથા માર્કસીટની ઝેરોક્ષ સાથે લાવવા જણાવ્યું.

વાડીના રીનોવેશન ફંડમાટે ગામમાં ઘરે ઘરે સંપર્ક કરીને ઉઘરાણું કરવા માટે વિચાર વિમર્સ કરવામાં આવ્યો.

આગામી સામાન્ય સભા તથા ઈનામ વિતરણ માટેની મિટિંગ તા. ૧૫ ઓગષ્ટ નકકી કરવામાં આવી આ સાથે દેશભકિત ગીતોની હરીફાઇ કરવાનું નકકી કરવામાં આવ્યું. સભામાં પધારેલ જ્ઞાતિજનો તથા ટ્રસ્ટીગણનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

વાડી રીનોવેશન ફંડમાં નીચે મુજબ દાન મળ્યું.

૩૦૦૦/- શ્રી રમેશચંદ્ર મુળજીભાઇ પંચોલી-દોલતબજાર
૫૦૦૧/- શ્રી વિજયકુમાર મગનભાઇ મપારા-રાજેન્દ્રનગર સોસાયટી
૧૫,૦૦૦/- શ્રી સોમાભાઇ ત્રિભોવનદાસ પંચોલી આમલેથાવાલા (જેમાં રૂા. ૫૦૦૦/- વાડીમાટે, રૂા. ૫૦૦૦/-

શૈક્ષણિક સહાય, રૂા. ૫૦૦૦/- આરોગ્ય સહાય માટે આપ્યા.)
૫૦૦૦/- શ્રી પ્રકાશચંદ્ર મુળજીભાઇ પંચોલી એડવોકેટ
જન્મદિન નિમિત્તે મળેલ દાન

૫૧ નગીનભાઇ જયંતિભાઇ પંચોલી
૫૧ નીરવકુમાર નગીનભાઇ પંચોલી
૨૧ હિમેનકુમાર નવિનચંદ્ર પંચોલી
૫૧ મનોજકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી
૫૧ અનિલકુમાર કંચનલાલ પંચોલી
૧૫૧ ચંદ્રકાંત જગદીશચંદ્ર પંચોલી
૫૧ રીતેશકુમાર અશોકકુમાર પંચોલી
૫૧ અ.સૌ.વર્ષાબેન હસમુખભાઇ પંચોલી
૨૦૦ હિતેશકુમાર સુમનભાઇ પંચોલી
૧૦૦ અ.સૌ. સ્મૃતિબેન સાધશરણ પંચોલી
૧૦૧ અ.સૌ. ઇન્દિરાબેન દિનબંધુભાઇ પંચોલી
૫૧ નરેન્દ્રભાઇ હરીવલ્લભદાસ પંચોલી
૫૧ ડેયૂરકુમાર નરેન્દ્રભાઇ પંચોલી
૫૧ નિરવકુમાર નરેન્દ્રકુમાર પંચોલી
૧૫૦ શ્રી ગોપાલભાઇ મગનભાઇ મપારા

## શ્રી પંચોલી સમાજ અમદાવાદ

શ્રી રામી માળી જ્ઞાતિ દંઢાય સમાજ આયોજિત સત્કાર સંમારંભ-પથિકાશ્રમ, ગાંધીનગર તા. ૧.૬.૧૪ રવિવારે સાંજે યોજાયો. જ્ઞાતિજન સ્નેહ મિલનમાં આપણાં સમાજના અગ્રણી ચિત્રકાર શ્રી જય પંચોલી આમંત્રિત મહેમાન રહ્યા. મનનીય પ્રવચન આપ્યું બુકે - સ્મૃતિ ચિન્હથી નવાજ્યા.

જનકલ્યાણ જુન-૨૦૧૪ના ટાયટલ-૩ ઉપર અગ્રણી ચિત્રકાર જય પંચોલીનો 'ભાવ-પ્રતિભાવ' તેમનાં જ હસ્તાક્ષરમાં છપાયો. આ અગાઉ જનકલ્યાણમાં 'ભાવ-પ્રતિભાવ' માર્ચ ૨૦૧૧ અને એપ્રિલ ૨૦૧૩માં પણ લેવાયો હતો. આવા સુપ્રતિષ્ઠિત માસિકમાં આપણાં સમાજ ચિત્રકાર શ્રી જય પંચોલીનો ઉલ્લેખ થાય એ બદલ સમગ્ર સમાજ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. કલાકારને હૃદયના અભિનંદન..

## શ્રી પંચોલી સમાજ વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાની કારોબારી સભામાં નક્કી થયા મુજબ પ્રથમ એક દિવસીય પ્રવાસ તા. ૧.૬.૨૦૧૪ને રવિવારે કરવામાં આવ્યો. તેમાં સમાજના સભ્યોના સાથ સહકારથી ૮૮ સભ્યોએ બે બસ દ્વારા કર્યો.

સૌ પ્રથમ નર્મદા કાંઠે અલૌકિક શાંતિમય વાતાવરણમાં આવેલ કુબેર ભંડારીના દર્શનથી શરૂઆત કરી. એવું કહેવાય છે કે કુબેરેશ્વર મહાદેવના દર્શન સળંગ પાંચ અમાસ કરવા મળે તે નસીબદાર ગણાય છે. અહીં સવારના અલ્પાહારને ન્યાય આપ્યો.

સરદાર સરોવર ડેમ-ગુજરાતની જીવાદોરી, જળ સાધન ક્ષેત્રેઆ યોજના ભારતમાં સૌથી મોટી યોજના છે. તે જોવા માટે શ્રી હરેશભાઇ કંચનભાઇ પંચોલી ભક્ઇ ભઘન્ન્ઇ કેવડિયાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગરથી પરમીશન મંત્રીશ્રી દેવાંગભાઇ અને કારોબારી સભ્યો દ્વારા લેવામાં આવી હતી. તેને લીધે સરદાર સરોવરમાં ત્રણ કલાકની યાત્રા યાદગાર રહી. બસ દ્વારા ૨૫ કિ.મી.ની સરદાર સરોવર ડેમની પરીક્રમા કરી એવું કહીએ તો ખોટું નથી. સરદાર પટેલની વિશ્વોચ્ચ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'ની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા નિર્માણની સાઇટના દર્શન કર્યા. સરદાર સરોવર યોજનાનો બંધ કોંક્રિટ ગ્રેવીટીનો છે તેની લંબાઇ ૧૨૧૦ મીટર અને સૌથી ઉંડા પાયાની ઉંચાઇ ૧૬૫ મીટર છે. ૧૨૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતું નદીતળ ભૂગર્ભ વિદ્યુત મથક જેમાં છ ફ્રાન્સીસ ટાઇપ રીવર્સીબલ ટર્બાઇન જનરેટર્સ જોવાનો લ્હાવો પણ મળ્યો. અને સાથે સૌએ કુદરતી નજારાનો પણ આનંદ માણ્યો. બપોરે કેવડિયા મહાદેવના મંદિરે ભોજનનો અને નર્મદા કિનારે આનંદ માણ્યો અને આરામ કર્યો.

આરામબાદ શુરપાણેશ્વર(ગોરા) વસંતપુરા-સ્ફટીક શિવર્લીગ, રાજપીપલા હરસિદ્ધિમાતાના દર્શનનો સૌએ લાભ લીધો. છેલ્લે રાત્રે પોઇચા સ્વામીનારાયણ મંદિરમાં આરતી સાથે દર્શનનો અદ્ભુત લ્હાવો લીધો. ૧૦૮ ગૌમુખમાંથી નિકળતા નર્મદાજળનો નહાવાનો અદભુત આનંદ મળે છે. મંદિરનું નિર્માણ એટલું સુંદર છે કે આપણને સ્વર્ગનો એહસાસ કરાવે છે. રાત્રી ભોજનને ન્યાય આપી સૌ વડોદરા પરત આવવા નીકળ્યા. આ રીતે સુંદર પ્રવાસનો આનંદ માણી આખા દિવસનો પ્રવાસ નિર્વિઘ્ને પૂર્ણ કરેલ.

આવનાર સૌ સભ્યોનો આભાર. પંચોલી સમાજ વડોદરા વતી ખાસ અમોને નવાગામ ડેમ પરમીશનમાં સાથ આપનાર શ્રી હરેશભાઇ ડે. પંચોલી અને તેમના ધર્મપત્ની કલ્પનાબેનનો ખૂબ ખૂબ આભાર. આ પ્રવાસ સાથે તેજસ્વીની મહિલા મંડળના સભ્યો પણ સાથે જોડાયેલ તેમનો અભૂતપૂર્વ સાથ સહકાર મળ્યો.

વડોદરા સમાજને શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી તરફથી માતુશ્રી ગં.સ્વ. ડાહીબાના સ્મરણાર્થે રૂા. ૫૦૦ ભેટ મળ્યા. શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલી તરફથી પાંચ વર્ષના શૈક્ષણિક દાતાના નવા સભ્ય રૂા. ૫૦૦ પ્રથમ વર્ષ માટે મળ્યા.

## શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુર

શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુરની મિટિંગ મંત્રીશ્રી કનુભાઇ હિંમતલાલ પંચોલીના નિવાસસ્થાને તા. ૨૫.૬.૨૦૧૪ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે પ્રમુખશ્રી પંચોલી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષપણા હેઠળ રાખવામાં આવી હતી.

પાવી જેતપુરના વડીલશ્રી શંકરલાલ ચીમનલાલ પંચોલીની ધર્મપત્ની જ્યોતિબેનનું તા. ૧.૬.૨૦૧૪ના રોજ પાવી જેતપુર મુકામે અવસાન થતા. એકમના સભ્યોએ દુઃખની લાગણી વ્યકત કરી, એમના આત્માની શાંતિ અર્થે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપી. શ્રી શંકરલાલ ચીમનલાલ પંચોલી તરફથી ધર્મપત્ની જ્યોતીબેનના સ્મરણાર્થે રૂા. ૧૦૧/-નું દાન મળ્યુ હતું તથા નવયુગને રૂા. ૧૦૧ની ભેટ આપી હતી. જેનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

પાવી જેતપુર એકમના વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ આપવા માટે આજની સભામાં નકકી કરવામાં આવ્યું. અંતમાં ભુરીબેન નટવરલાલ પંચોલીએ સુંદર ભજનો અને ધૂનની રમઝટ બોલાવ્યા બાદ કનુભાઇ અને પરિવારજનો તરફથી હાજર રહેલ સભ્યોને અલ્પાહાર કરાવ્યો...આભારવિધિ બાદ છુટા પડયા.

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર



શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરની સામાન્ય સભા કમ બચત યોજના ભેટ વિતરણનો કાર્યક્રમ તા. ૧.૬.૧૪ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રવણ વિદ્યાધામ મુકામે રાખવામાં આવ્યો હતો.. પ્રથમ સૌનું આઇસક્રીમ કોનથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્રીજી બચત યોજનાના સભ્યોને પોતાની મનપસંદ ભેટ આપવામાં આવી હતી. બરાબર ૫ કલાકે સામાન્ય સભા કમ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.. કાર્યક્રમની શુભ શરૂઆત હમ પંચોલી હૈ....ગીત વગાડી કરવામાં આવી હતી..

કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ નીપા મૌલિક મિસ્ત્રી અને શ્રીમતિ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રીએ કર્યુ હતું. અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી પ્રશાંતભાઇ, મંત્રી શ્રી પરેશભાઇ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ શીલાબેન, મંત્રી સોનલબેન, સ્વયં ગ્રુપના પ્રમુખ શ્રી ડૉ. વિસ્મયભાઇ મંત્રી શ્રીમતિ અમીષાબેન, બચત યોજનાના અધ્યક્ષ ડૉ. મહેશભાઇ મિસ્ત્રીને ડાયસ પર સ્થાન ગ્રહણ કરવા નિમંત્ર્યા. ડાયસ પર બિરાજેલ તથા નવયુગના તંત્રી દિનેશભાઇ, તબીબી સેવા સંકુલના અધ્યક્ષ ડૉ. વિસ્મયભાઇ, મંત્રી શ્રીમતિ શોભાબેન, માજી તંત્રીશ્રી ચેતનભાઇ, મહિલા સંગઠનના મંત્રી શ્રીમતિ મીરાબેનનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રથમ પ્રશાંતભાઇએ સ્વાગત પ્રવચન કરી આવકાર્યા. ખજાનચી શ્રી અજયકુમાર ચંદુલાલ પંચોલીએ વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષના હિસાબો રજુ કર્યા જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. બચત યોજનાના હિસાબો ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ રજુ કર્યા જેને પણ સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ અને તેમની ટીમ દ્વારા સુવર્ણ જયંતિ નિમિત્તે 'સ્વર્ણિમ ફંડ' શરૂ કર્યુ છે તે અંગેની વિસ્તૃત માહિતી ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ સૌ જ્ઞાતિજનોને આપી અને ઉદાર હાથે દાન આપવા સૌને અપિલ કરતાં એને સુંદર પ્રતિસાદ સાંપડયો. અને એક પછી એક સભ્યોએ દાનની જાહેરાત કરી અને આ દાનની રકમ દર વર્ષે પાંચ વર્ષ માટે આપવાની રહેશે. ટોટલ દર વર્ષે રૂા. ૫૦ હજાર ૫ વર્ષ માટે આપવાની જાહેરાત થઇ. બીલીમોરા, નવસારી, સુરતના સભ્યોએ પણ દાનની જાહેરાત કરી. (જેમણે દાન નોંધાવ્યા છે તેમણે રકમ ડૉ. મહેશભાઇ મિસ્ત્રીને પહોંચાડવી.) શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના પ્રમુખ શ્રી પ્રશાંતભાઇ પંચોલી અને તેની ટીમ તથા શ્રી પંચોલી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ શીલાબેન તથા તેમની ટીમની સમયમર્યાદા પુરી થતા વિસર્જન કરવામાં આવ્યું અને વર્ષ ૨૦૧૪-૧૬ના વર્ષના પ્રમુખ તરીકે શ્રી જેસલભાઇ મનુભાઇ મિસ્ત્રી અને તેમની ટીમને શપથ લેવા ડાયસ પર નિમંત્ર્યા. અને શપથવિધિ નવયુગ તંત્રી શ્રી દિનેશભાઇ મોહનલાલ મિસ્ત્રીએ કરાવી..

મહિલા મંડળના પ્રમુખ તરીકે માનનીય અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી અને તેમની ટીમને શપથ લેવા ડાયસ પર નિમંત્ર્યા નવયુગ તંત્રી શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ શપથ લેવડાવ્યા

અંકલેશ્વર એકમના નવા વરાયેલા પ્રમુખશ્રીએ અંકલેશ્વરએકમનું સુકાન સંભાળતા જણાવ્યું કે સંપ, સુહભાવ અને એકતાથી પ્રગતિ હાથ વેતમાં છે. દર બે માસે કે એક માસ મળવાથી ભાઇચારો અને લાગણી જન્મે છે... એનાથી સબંધોતો વિકસે છે પણ સાથે સાથે સમાજની પણ પ્રગતિ

થાય છે.. બે વર્ષ દરમ્યાન સાથ સહકાર સૌનો મળી રહેશે એવી આશા વ્યકત કરી હતી...

અનુરાધાબેને પણ દરેક બહેનોને પ્રગતિશીલ રહેવા તથા મિટીંગમાં નિયમિત હાજર રહેવા તથા મહિલા સંગઠનના અધ્યક્ષા આનંદીબેને આપેલ પ્રોજેકટમાં ઉત્સાહભેર ભાગ લઈ મહિલા મંડળને પ્રગતિને પંથે લઈ જવા સાથ સહકાર આપવા વિનંતી કરી હતી..

વિદાય લઈ રહેલા પ્રમુખશ્રી પ્રશાંતભાઈએ બે વર્ષમાં કરેલ કાર્યોની છણાવટ કરી કાર્યક્રમ સફળ બનાવવા માટે સાથ સહકાર આપવા માટે સૌનો આભાર માન્યો હતો અને નવા વરાયેલા પ્રમુખ શ્રી જેશલભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

વિદાય લઈ રહેલા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ શીલાબેને વર્ષ દરમ્યાન સાથ સહકાર આપનાર મહિલા મંડળની બહેનોનો આભાર વ્યકત કર્યો હતો.અને અનુરાધાબેનને શુભેચ્છાઓ પાઠવી હતી..

અંકલેશ્વર એકમના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સૌને આનંદ પ્રમોદ કરાવી દિલ જીતી લીધા હતા. જેશલભાઈ અને તેમની ફેમીલીએ સુંદર વેશભુષા સહિત 'ભણવું તો પહેલા નંબરે' નાટક રજુ કરી સૌની પ્રસંશાને પાત્ર બન્યા હતા... અંતમાં સ્વરૂચી ભોજનને ન્યાય આપી છુટા પડયા હતાં.

## સ્વયં ગ્રુપ અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ અંકલેશ્વરના સંયુકત ઉપક્રમે ડો. વિસ્મય એમ. મિસ્ત્રીના નેજા હેઠળ દંત ચેકઅપ, ડાયાબીટીશ અને બ્લડ પ્રેસર ચેક કેમ્પનું આયોજન સ્માઈલ ડેન્ટલ કિલનીક ખાતે રાખવામાં આવ્યો હતો.. જેમાં ૨૫ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા બ્લડ પ્રેસર અને ડાયાબીટીશ અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

# કાવ્ય કુંજન

## બને એવું ? ના બને...

માન ઈચ્છું હું અને તમારું અપમાન કરું

બને એવું ? ના બને...

હૂંફ ઈચ્છું હું અને તમારી ઉપેક્ષા કરું

બને એવું ? ના બને..

ગુસ્સો કરું હું અને ઘરમાં શાંતિ ઈચ્છું

બને એવું ? ના બને..

પતિને પરમેશ્વર ના માનું અને પરમેશ્વર ઈચ્છું

બને એવું ? ના બને..

'તેજસ્વીની' બની સમાજને ઉજાળુ, અને જયોતના પ્રગટાવું

બને એવું ? ના બને..

જયોતિ સુભાષ પંચોલી-વડોદરા

## અનુકરણિય

સુરત નિવાસી **શ્રીમતિ વિણાબેન પિયુષભાઈ પંચોલી** તરફથી તબીબી સેવા સંકુલને રૂા. ૫,૦૦૦/-નું દાન તબીબી સહાય માટે મળ્યું છે........ખૂબ ખૂબ આભાર..
તબીબી સહાય માટે વધુને વધુ અરજી આવે છે અને ફંડ લીમીટેડ હોય અન્ય દાતાઓને પણ દાન આપવા નમ્ર વિનંતી છે.

ડો. વિસ્મય એમ મિસ્ત્રી-અધ્યક્ષ
શોભાબેન કે. મિસ્ત્રી-મંત્રી
તબીબી સેવા સંકુલ

# ક્ષતિદોષ

નવયુગ અંકઅર્પણમાં છપાયેલ નામ તથા દેવના દિધેલ વિભાગમાં પણ છપાયેલ પૂર્વનું નામ પર્વ વાંચવું.
ટીપે ટીપે સરોવર ભરાયમાં અંનં. ૨માં કિશનલાલ નગીનલાલ પંચોલીના બદલે વિઠ્ઠલદાસ નગીનદાસ વાંચવું.
ટીપે ટીપે સરોવર ભરાયમાં અંનં. ૩માં કિશનલાલ નગીનલાલ પંચોલીના બદલે કિશનલાલ મગનલાલ પંચોલી વાંચવું.
ટીપે ટીપે સરોવર ભરાય વિભાગમાં અમદાવાદ નિવાસી દિનેશભાઈ દલસુખરામ પંચોલી વાંચવું..
ઉપરોકત થયેલ ક્ષતિ બદલ આપને મન દુઃખ થયુ હોય તો ક્ષમાયાચના.......

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧.૬.૧૪ના રોજ શ્રી પંચોલી સમાજ વડોદરા સાથે સાથે તેજસ્વીની મહિલા મંડળની બહેનોનો એક દિવસીય સુંદર પ્રવાસ થયો. જેની વિગતો સસ્થા સમાચારમાં આપી છે.

આ માસની મિટીંગ શ્રીમતિ સુરેખાબેનને ત્યાં રાખેલ તે અનિવાર્ય સંજોગોને લીધે મુલતવી રાખી અને તા. ૧૮.૬.૧૪ના રોજ મહિલા મંડળની બહેનો શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલીના સાસુજી ડાહીબાનું નિધન થતા શોકસંદેશ તથા શ્રદ્ધાંજલી પાઠવવામાં આવી હતી. બધી બહેનોનો ખૂબ ખૂબ આભાર કારણ કે દુઃખમાં સહભાગી થવાથી આપો આપ દુઃખ હળવુ બની જાય છે.

વડોદરા સમાજની જે બહેનોને મહિલા મંડળના સભ્ય બનવું હોય તે રૂા. ૧૫૦/- ફી ભરી સભ્યપદ મેળવી શકે છે તેની અચૂક નોંધ લેવી. હવે પછીની મિટીંગ ઉપપ્રમુખ સુરેખાબેનને ત્યા તા. ૪.૭.૧૪ના રોજ રાખવામાં આવી છે.

ગં.સ્વ. ડાહીબેન શાંતિલાલ પંચોલીના સ્મરણાર્થે મહિલામંડળને શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલી તરફથી રૂા. ૧૫૦ ભેટ મળ્યા. આભાર....

## પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર

તા. ૫.૫.૨૦૧૪ના રોજ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મિટિંગ યોજવામાં આવી. મિટીંગની શરૂઆતસમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી.

મીરાબેને વનમિનિટની ગેમ રમાડી જેના વિજેતા ૫૦ વર્ષથી ઉપરનામાં દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી તથા ૫૦ વર્ષથી નીચેનામાં કેતકીબેન જેસલભાઇ મિસ્ત્રી વિજેતા થયા.

આ દિવસે બ્યુટીકેર માટેનું આયોજન કર્યુ હતું જેમાં અંકલેશ્વરના નીતાબેન રાજેશભાઇએ સુંદર વિવિધ બ્યુટીને લગતી ટીપ્સો અને માર્ગદર્શન આપ્યું હતું. મહિલા મંડળની બહેનોએ પણ બ્યુટી અંગેની ટીપ્સો આપી હતી.

શ્રીમતિ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રીને જાયન્ટસ ગૃપ સર્જીતા સાહેલી અંકલેશ્વર તરફથી 'આઉટ સ્ટેન્ડીંગ લેડી'નો એવોર્ડ ડીસ્ટ્રીક કોન્ફરન્સ લેવલે મળ્યો. શ્રીમતિ મીરાબેનને પ્રમુખ શ્રીમતિ શીલાબેનેના વરદ હસ્તે સન્માન કરી નવાજ્યા. વિજેતા થયેલ બહેનોને ઇનામો આપી નવાજ્યા હતાં. આ માસમાં આવતી બર્થડે-એનીવર્સરી નિમિત્તે ગીફટ અને પુષ્પગુચ્છ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

એની વર્સરી નિમિત્તે રૂા. ૫૧ સોનલબેન નિલેશભાઇ પંચોલી, રૂા. ૫૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી, રૂા. ૫૦ જાગૃતીબેન ગોપાલભાઇ પંચોલી તરફથી ભેટ મળી. અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળની વાર્ષિક મિટિંગ તા. ૧૫ જુન ૨૦૧૪ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આવી. મંત્રી શ્રીમતિ પારૂલબેને સૌનું ભાવભીનું સ્વાગત કર્યુ. ફાધરર્સ ડે હોવાથી પિતાની ભાવનાનું સન્માન કરી પિતા માટે નિરોગી દિઘાર્યુ માટે પ્રભુ પ્રાર્થના કરી. વિશેષ આવકાર પ્રમુખ ગીતાબેને આપ્યો.

મિટિંગની શુભ શરૂઆત રીટાબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. આજના વાર્ષિક સમારંભના પ્રમુખ શ્રીમતિ ઈન્દિરાબેન અશોકભાઇ ગાંધીનું સ્વાગત ગીતાબેને કર્યુ અને પરિચય એમના પુત્રવધુ ભારતીબેને આપ્યો. અતિથિવિશેષ નીરૂપાબેન સુમનભાઇ પંચોલીનું સ્વાગત ઉપપ્રમુખ બેલાબેને કર્યુ અને પરિચય આપ્યો.

મહિલા મંડળના આમંત્રણને માન આપી બિરાજમાન પંચોલી સમાજના હોદ્દેદારો, વડિલ ટ્રસ્ટીઓ, મહિલા મંડળના પ્રમુખ, મહિલા સંગઠનના કન્વીનર સ્વર યુથના હોદ્દેદારોનું પ્રગતિ મહિલા મંડળ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

ગીતાબેને વિતેલા વર્ષની ઝાંખી કરાવી અને પારૂલબેને આર્થિક ગતિવિધિ રજુ કરી હિસાબો રજુ કર્યા એને બધી બહેનોએ બહાલી આપી મંજુર કર્યા. ખજાનચી તરીકે સર્વાનુમતે શ્રીમતિ રંજનબેન પંચોલીની નિમણુંક કરવામાં આવી.

વાર્ષિક સમારંભના પ્રમુખ શ્રીમતિ ઈન્દિરાબેનને પારૂલબેને તથા અતિથિવિશેષ શ્રીમતિ નિરૂપાબેનને રીનલબેને સ્મૃતિભેટ આપી સન્માન્યા. મે-જુન માસમાં આવતી મેરેજએનીવર્સરી અને બર્થડેની શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વ્યારા સમાજના શ્રી બચુભાઇ નાનુભાઇ પંચોલી અને કાંતાબેન હરીલાલ પંચોલીનું અવસાન થતા શ્રદ્ધાંજલી આપવામાં આવી. ઈન્દિરાબેનનો પ્રતિભાવ પુત્રવધૂ શીતલબેને તથા નિરૂપાબેનનો પ્રતિભાવ ગીતાબેને આપ્યો. જે બહેનોરે વર્ષ દરમ્યાન સ્પર્ધામાં વિજેતા થયા હોય તેમને

ઈનામો આપી નવાજ્યા. બેલાબેન અને રીનલબેને હાઉસી ગેમ રમાડી તેના ઈનામો ગીતાબેન તરફથી જાહેર કરવામાં આવ્યા. જેમાં પ્રથમ લાઇન-ક્રિશ્નાબેન આર. પંચોલી, બીજી લાઇન - નિશાબેન આર. પંચોલી અને પ્રભાબેન જે. પંચોલી, ત્રીજી લાઇન દક્ષાબેન એન પંચોલી, ફુલ હાઉસી અલકાબેન ડી પંચોલી અને નિરૂપાબેન એસ. પંચોલી વિજેતા થયા.

પ્રગતિ મહિલા મંડળનું ગૌરવ શ્રીમતિ પારૂલબેન હિતેશભાઇ ગાંધીની વ્યારા નગરમાંથી ઈ.ટીવી ફલેવર્સ ઑફ ગુજરાતમાં તેમની વાનગી 'તોફાની સેન્ડવીચ' પસંદગી પામતા તેનું પ્રસારણ ૪થી જુને ટીવી પર થયું હતું અગામી માસની મિટિંગ તા. ૬ જુલાઇના રોજ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

અંતમાં સમારંભના પ્રમુખશ્રી તથા અતિથિવિશેષશ્રી, આમંત્રિત મહેમાનો તથા વડીલ ટ્રસ્ટીગણો આમંત્રણને માન આપી હાજર રહ્યા તે બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો. મિટિંગની પૂર્વ તૈયારી કરનાર વિજયભાઇનો પણ આભાર માની અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

આજે મળેલ દાન
૫૦૧ ઇન્દિરાબેન એ. ગાંધી
૫૦૧ નિરૂપાબેન એસ. પંચોલી
૧૦૧ નિરૂપાબેનની સુપુત્રી ચિ. દર્શનાના ગૃહપ્રવેશ નિમિત્તે
૨૫૧ સરસ્વતીબેન એ. પંચોલી-૫૦મી એનીવર્સરી નિમિત્તે
૨૦૧ મનિષભાઇ એમ. પંચોલી
૨૦૧ ભરતભાઇ સી. પંચોલી
૧૧૧ રામુભાઇ-ધર્મપત્ની પદમાબેનની વર્ષગાંઠ નિમિત્તે
૧૦૧ સ્વર યુથ
૧૦૦ પદમાબેન પી. ગાંધી - એનીવર્સરી નિમિત્તે
૧૦૦ રંજનબેન એન. પંચોલી-એનીવર્સરી નિમિત્તે
૧૦૦ દક્ષાબેન એન. ગાંધી -એનીવર્સરી નિમિત્ત
૧૦૦ દક્ષાબેન એ. ગાંધી તરફથી સુપુત્રીના વિદેશગમન નિમિત્ત
૫૧ પ્રભાબેન જે. પંચોલી - એનીવર્સરી નિમિત્તે
૫૧ ભાવિની એ. પંચોલી - એનીવર્સરી નિમિત્તે
૫૧ યુગ એ. પંચોલી પ્રથમ નંબરે ઉત્તિર્ણ થયો તે નિમિત્તે
૫૦ દિપીકાબેન ડે. પંચોલી - એનીવર્સરી નિમિત્તે
૫૦ પદમાબેન એચ. પંચોલી - એનીવર્સરી નિમિત્તે
૧૦૦ પ્રવિણાબેન બી. ગાંધી - એનીવર્સરી નિમિત્તે
૧૦૧ હંસાબેન એ. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે
૫૧ રક્ષાબેન વી. પંચોલી- વર્ષગાંઠ નિમિત્તે
૫૧ કૈલાસબેન ડે. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે
૫૦ અંજલીબેન પી. પચ્ચીગર - વર્ષગાંઠ નિમિત્તે
૫૧ ઉષાબેન એચ. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે
૫૧ બિનીતાબેન પી. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે
૫૦ છાયાબેન એમ. પંચોલી - નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે
૫૧ દિપીકા ડે. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે
૫૧ શોભનાબેન આર. પંચોલી - વર્ષગાંઠ નિમિત્તે

## પંચોલી ભગીની સમાજ-મુંબઈ

શ્રી પંચોલી ભગીની સમાજ તેમજ શ્રી આવિષ્કાર ગ્રુપ તરફથી શનીવાર તા. ૨૪.૫.૨૦૧૪ના રોજ અગ્રેવાડી સિકકાનગર મુંબઇ મુકામે ટપરવેર, ફૂડ પ્રોડકટસ તેમજ ડ્રેસ મટીરીયલ્સ માટે બપોરે ૩ થી ૬ સુધી ડેમો રાખવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ટપરવેર-જાગૃતી ચંદ્રેશ મહેતા, ફૂડ પ્રોડકટસ-હિનાબેન કોઠારી અને ડ્રેસ મટીરીયલ્સ-કેતના મનિષા પંચોલીએ વિવિધ પ્રમાણમાં આઇટમો રજુ કરી હતી.

બપોરે ૩.૩૦ કલાકે ટપરવેર મેનેજર ઇલાબેન ચાંદરાણાએ ટપરવેર પ્રોડકટસ વિશે સુંદર માહિતી આપી હતી. આ ડબ્બાઓમાં અનાજ, કઠોળ, લોટ, મસાલા વગેરે વસ્તુઓ ભરવાથી ખરાબ થતી નથી.પાણીની બોટલમાં પણ વાસ બેસતી નથી. વિગેરે માહિતી આપી હતી.

ફુડ પ્રોડકટસના એજન્ટ ઉષાબેને 'માય ફેમીલી બિઝ' પ્રોડકટસ વિશે માહિતી આપી હતી. કિંમતમાં પરવડે તેવા લગભગ બધા જ પ્રોડકટસ ૩૯ થી ૯૯ રૂપિયા સુધીના હતાં. વળી ૧૦૦% નેચરલ્સ, ઇન્સ્ટન્ટ ફુડ, ઘરે મહેમાન આવે તો તરત જ બનાવી શકાય. આજકાલની હરણફાળ જિંદગીમાં ઓછી મહેનતે ફટાફટ બની જાય વિગેરે રજુઆત કરી હતી.

કેતનાબેને કોટન, સિન્થેટીક, ડિઝાઇનર ડ્રેસ બતાવી મહિલાઓને પ્રભાવિત કર્યા હતાં.

જાગૃતીબેન ચંદ્રેશભાઇ મહેતા તરફથી વાર્તા બનાવવાની સ્પર્ધા રમાડવામાં આવી હતી. જેના વિજેતા પ્રથમ-કેતના મનિષભાઇ પંચોલી, દ્વિતીય-ધર્મી ચેતન કાપડિયા, દ્વિતીય-ધર્મિષ્ઠા ભુપેન્દ્ર પંચોલી થયા હતાં તેમને જાગૃતીબેન તરફથી ઇનામો આપવામાં આવ્યા હતાં. ગરમી કોકમના શરબત પીવડાવી ઠંડા કર્યા હતાં. હિનાબેન તરફથી 'માય ફેમીલી બિઝ' પ્રોડકટસની ઇડલી-ચટણી તેમજ પાયનેપલ શરબત આપવામાં આવ્યા હતાં. પંચોલી ભગીની સમાજ તરફથી ફરાળી પેટીસ અને વેફર્સનો નાસ્તો આપવામાં આવ્યો હતો.

૧૧૧૧ ગીતાબેન જતીનભાઇ પંચોલી-નિભાવ ફંડ
૧૧૧૧ સોનલ પરાગ પંચોલી-નિભાવફંડ
૫૦૧ ગીતાબેન જતીનભાઇ પંચોલી-માય ફેમીલી બીઝ ડેમો

રાખવા માટે
૧૦૧ મનિષા ભાવિકભાઇ કાપડિયા-ઘરે મિટિંગ રાખવા બદલ
૧૦૧ જાગૃતિ ચંદ્રેશ મહેતા-મૅરેજએનીવર્સરી નિમિત્તે
૧૦૧ નીતાબેન દિપકભાઇ પંચોલી-મૅરેજએનીવર્સરી નિમિત્તે
૧૦૧ પ્રભાબેન રશ્મીન મિસ્ત્રી-મિટિંગ આવવાથી.

### શ્રી પંચોલી ભગીની સમાજ રાજપીપલા

ભગીની સમાજ રાજપીપલાની મિટિંગ તા. ૩.૫.૧૪ના રોજ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. શ્લોકગાનથી પ્રાર્થનાની શુભ શરૂઆત કરી. વેલકમ ડ્રીંક્સ આપવામાં આવ્યું. સામાન્ય જ્ઞાન કસોટી અંતર્ગત મહામંડળના મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ સાથે મહામંડળ ક્વીઝ રાખવામાં આવી. સૌ બહેનોએ ઉત્સાહભેર જવાબો આપ્યા હતાં. હાઉસી અને વિવિધ રમતો રમાડવામાં આવી હતી. ત્યારબાદ હોટલ શ્રીરામમાં સૌ જમવા ગયા.

મૅરેજએનીવર્સરી નિમિત્તે રૂા. ૫૧/- જયશ્રીબેન દિપનભાઇ પંચોલી, રૂા. ૫૧/- સરોજબેન દત્તુભાઇ પંચોલી તરફથી મળ્યા.

વર્ષગાંઠ નિમિત્તે રૂા. ૫૧/- સ્નેહાબેન ધર્મેન્દ્રભાઇ પંચોલી, રૂા. ૫૧/- રેખાબેન રમેશભાઇ પંચોલી, રૂા. ૫૧/- અનસોયાબેન બાલકૃષ્ણ પંચોલી તરફથી મળ્યા.

તા. ૨૨.૬.૨૦૧૪ના રોજ શ્રીમતિ પૂર્ણિમાબેનને ત્યાં મિટિંગ રાખવામાં આવી. પ્રથમ વેલકમ ડ્રીંકસથી વેલકમ કર્યુ.

આજની મિટિંગમાં વેસ્ટ માંથી બેસ્ટ બનાવવાની હરીફાઇ રાખવામાં આવી ઘરેથી સામગ્રી લાવી મિટીંગમાં બનાવવાનું હતું.જેમાં દક્ષાબેન શબ્દશરણ પંચોલી, જયશ્રીબેન દીપનભાઇ પંચોલી, ઉષાબેન મુકેશભાઇ પંચોલી, અનસોયાબેન બાલકૃષ્ણ પંચોલી અને પ્રતિમાબેન સંતશરણ પંચોલી વિજેતા થયા હતા.

કેરીની સીઝન હોવાથી કેરીની વાનગીની ચર્ચા કરવામાં આવી હતી, આમ દમઆલુ, આમ હલવો, આમ ફાલુદા, આમ બિરયાની, આમ જામ વિગેરેની રેસીપી કહેવામાં આવી હતી. વન મિનિટ ગેમ અને હાઉસી રમ્યા. અંતમાં સુંદર સ્વરૂચી ભોજનને ન્યાય આપી છુટા પડયા.

## શ્રદ્ધાંજલી વિશેષાંક



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત પંચોલી નવયુગના માજી તંત્રીશ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રીને શ્રદ્ધાંજલી અર્પતો વિશેષાંક ઓગષ્ટ-૨૦૧૪નો પંચોલી નવયુગ અંક પ્રકાશીત થશે.. તો જેમણે શ્રદ્ધાંજલી, લેખો કે સંસ્મરણો, તા. ૨૦.૭.૨૦૧૪ સુધીમાં તંત્રીશ્રીને મોકલવા વિનંતી... આપની શ્રદ્ધાંજલી સવેળા મોકલશો..... તંત્રીશ્રી......

## એક વાર જાવુ હરીના ધામમાં



વ્યારા નિવાસી, પંચોલી નવયુગ પ્રકાશન સમિતિના સભ્ય જતીનભાઇ દિનેશચંદ્ર પંચોલી તા. ૨૨.૬.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૩૪



પંચોલી નવયુગના માજી તંત્રી , બારડોલી એકમના માજી પ્રમુખ, બારડોલી નિવાસી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી તા. ૨૦.૬.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૯૧



મહામંડળ ખજાનચીબોર્ડના સભ્ય શ્રી અશ્વિનભાઇ શાંતીલાલ પંચોલીના માતુશ્રી ચાંદોદ નિવાસી ગં.સ્વ. ડાહીબેન શાંતીલાલ પંચોલી તા. ૩.૬.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



પાવી જેતપુર નિવાસી જ્યોતિબેન શંકરલાલ પંચોલી તા. ૧.૬.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



સુરત નિવાસી અનસુયાબેન ઉર્ફે હંસાબેન રતિલાલ પંચોલી તા. ૨૭.૫. ૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.



અંકલેશ્વર(મુંબઇ) નિવાસી ગં.સ્વ. મંજુલાબેન રમેશચંદ્ર મિસ્ત્રી તા. ૬.૬.૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૯

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૪ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

- ❖ S.S.C. માં **૭૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ....
- ❖ H.S.C. માં **૬૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ મેળવનાર....
- ❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજ્યુએશન, પોષ્ટ ગ્રેજ્યુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાની પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરું સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફક્ત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- ❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો......

૩૦.૭.૧૪ પછી આવેલ પરીણામોના જ ફોટાઓ દિવાળી અંકમાં પ્રકાશીત કરાશે જેની નોંધ લેવા વિનંતી. આપની માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ

**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ, ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**દિવાળી અંકમાં ફકત કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પ્રકાશિત કરવામાં આવશે. HSC અને HSCના ફોટા દિવાળી અંકમાં રૂા. ૧૫૦ આપશે તેના જ છાપવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી. માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૪ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...જેની નોંધ લેવી**

## હેપી બર્થ ડે.....



શિવ પ્રજ્ઞેશકુમાર
પંચોલી-સંખેડા
તા. ૭.૭.૨૦૧૪



ભવ્ય જૈમીશભાઇ
પંચોલી-સુરત
તા. ૨૨.૭.૨૦૧૪

## હેપી બર્થ ડે.....



ચંદ્રકાંત જગદીશભાઇ
પંચોલી રાજપીપલા
તા. ૫.૬.૨૦૧૪



જ્યોત્સનાબેન દિલીપકુમાર
પંચોલી રાજપીપલા
તા. ૨૮.૬.૨૦૧૪

૫૧મી વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છાઓ

# ટીપે ટીપે સરોવર ભરાય

- ₹ ૨૦૦/- મીરારોડ નિવાસી પ્રફુલ્લભાઇ જી. પંચોલી તરફથી બે વર્ષ નવયુગ પોસ્ટીંગ માટે મળ્યા
- ₹ ૧૦૧/- ગઢબોરીયાદ નિવાસી પરેશભાઇ નવિનચંદ્ર પંચોલી તરફથી વર્ષગાંઠ નિમિત્તે
- ₹ ૧૦૧/- ગઢબોરીયાદ નિવાસી પરેશભાઇ નવિનચંદ્ર પંચોલી તરફથી સુપુત્રી શ્રેયા SSCમાં ગઢબોરીયાદ સેન્ટરમા પ્રથમ આવ્યા તે નિમિત્તે
- ₹ ૧૦૧/- ગઢબોરીયાદ નિવાસી પરેશભાઇ નવિનચંદ્ર પંચોલી તરફથી સુપુત્રી આયુષી ધો. ૪ મીડીયમ ઇંગ્લીશમાં ૮૭.૮૮% માર્કસથી ઉત્તિર્ણ થયા તે નિમિત્તે
- ₹ ૧૦૧/- ગઢબોરીયાદ નિવાસી પરેશભાઇ નવિનચંદ્ર પંચોલી તરફથી સુપુત્રી આયુષીની વર્ષગાંઠ નિમિત્તે
- ૨૫૦/- અમદાવાદ નિવાસી શ્રીમતિ લોપાબેન તથા શ્રી દિનેશભાઇ દલસુખરામ પંચોલીની ૫૦મી મેરેજ એનીવર્સરી તેમજ ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે....
- ૨૫૦/- વડોદરા નિવાસી સ્વ. અમરતલાલ ચંદુલાલ પંચોલીના સમરણાર્થે પરિવારજનો તરફથી
- ૧૫૦/- રાજપીપલા(ઉતરાણ) નિવાસી જીજ્ઞેશકુમાર ગોપાલભાઇ મપારા તરફથી નવયુગ ભેટ
- ૫૧/- રાજપીપલા નિવાસી અનિલકુમાર કંચનલાલ પંચોલીની વર્ષગાંઠ નિમિત્તે
- ૫૦૦/- ખડસુપા નિવાસી શ્રીમતિ તારાબેન તથા શ્રી રમણભાઇ કલ્યાણજી મિસ્ત્રીની ૫૦મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
- ૧૦૧/- પાવી જેતપુર નિવાસી શંકરભાઇ ચીમનભાઇ પંચોલીના ધર્મપત્ની સ્વ. જ્યોતિબેનના સ્મરણાર્થે મળ્યા.
- ૧૦૧/- અંકલેશ્વર નિવાસી મનોજકુમાર રમેશચંદ્ર મિસ્ત્રીના માતુશ્રી મંજુલાબેનના સ્મરણાર્થે..
- ૧૦૧/- અંકલેશ્વર નિવાસી મનોજકુમાર રમેશચંદ્ર મિસ્ત્રીના સુપુત્ર ચિ. જય SSCમાં ૮૬.૭૧ પર્શનટાઇલ મેળવી ઉત્તિર્ણ થયા તે નિમિત્તે.
- ૫૦૦/- સુરત નિવાસી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી તરફથી ચિ. આદિત્ય-ડિપ્લોમા-મીકે. એન્જીમાં ૬૨.૬%, ચિ. માર્મિક HSCમાં ૭૦.૬%, ચિ. માનવ HSCમાં ચિ. ૬૬.૮% મેળવી સર્વે ફસ્ટકલાસમાં ઉત્તિર્ણ થયા તે નિમિત્તે.

Book Post
Printed Book
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**